# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
# Shri Govind Guru University
( Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુક્પુર, ગોધરા
જિલ્લો પંચમહાલ. પિન કોડ-૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001

નં. એસજીજીયુ/વહીવટ/૨૦૧૮/ 19996 તા. ૨૭/૧૦/૨૦૧૮

પરિપત્ર- 666

સંદર્ભ:- આ યુનિવર્સિટીના પરિપત્ર નં: ૫૯૬ ક્રમાંક: એસજીજીયુ/વહીવટ/૨૦૧૮/૧૭૯૪૮ તા. ૧૮/૦૮/૨૦૧૮

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન આર્ટસ, સાયન્સ, કોમર્સ, મેડીકલ અને પેરા-મેડીકલ અભ્યાસક્રમ ચલાવતી કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, રાજ્યમાં યુનિવર્સિટી અને કોલેજ કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં નિયમિત શિક્ષણ ઉપરાંત વધુ માહિતી, ઉચ્ચ ગુણવતા યુક્ત શિક્ષણ તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઉપલબ્ધ સંસાધનો જેવા કે,MSSIVE ONLINE OPEN COURSEWARE(MOOC) તેમજ ખ્યાતનામ સંસ્થાઓના વિડીયો લેક્ચર્સ, સ્પ્લીમેન્ટ્રી ક્વીઝ ઈત્યાદી મેળવવા માટે રાજ્ય સરકારશ્રી દ્વારા રાજ્યની તમામ યુનિવર્સિટીઓમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯માં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને રૂ.૧૦૦૦/- નાં ટોકન દરે NAMO e-TAB ટેબલેટ આપવામાં આવનાર છે. સંદર્ભ દર્શિત પરિપત્ર મુજબ દરેક કોલેજોને આ અંગેની જરૂરી કાર્યવાહી પૂર્ણ કરી રજીસ્ટ્રેશન અંગેની યાદી ઉપરોક્ત વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી આચાર્યશ્રીના સહી-સિક્કા સાથે તેમજ ફી યુનિવર્સિટીનાં ખાતામાં જમા કરાવ્યાની રસીદની નકલ તા. ૦૩/૦૯/૨૦૧૮નાં રોજ સાંજે ૪.૦૦ કલાક સુધીમાં શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, સરકારી પોલીટેકનીક કેમ્પસ, ગદુક્પુર, ગોધરા ખાતે રૂબરૂમાં હાર્ડકોપી અને સોફ્ટકોપી સ્વરૂપે પહોંચાડવા જણાવવામાં આવેલ હતું. કે.સી.જી. અમદાવાદ તરફથી મળેલ સુચના અન્વયે વર્ષ ૨૦૧૫, ૨૦૧૬ અને ૨૦૧૭માં પાસ થયેલા વિદ્યાર્થીઓને પણ આ યોજના હેઠળ ટેબલેટ મળવાપાત્ર હોય તા. ૧૫/૧૧/૨૦૧૮ સુધીમાં આવા વિદ્યાર્થીઓની રજીસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ કરી જરૂરી ફી યુનિવર્સિટીનાં ખાતામાં જમા કરાવ્યાની રસીદની નકલ અને યાદી સાથે તા. ૨૦/૧૧/૨૦૧૮ સુધીમાં યુનિવર્સિટી ખાતે જમા કરાવવાની રહેશે.

આ યોજનાની જાણકારી આપની કોલેજમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯માં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ તમામ વિદ્યાર્થીઓને મળે અને વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ યોજનાનો લાભ લે તેવા પ્રયત્નો આપની કક્ષાએથી કરવા ભારપૂર્વક જણાવવામાં આવે છે.

કુલસચિવ,
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન આર્ટસ, સાયન્સ, કોમર્સ, મેડીકલ અને પેરા-મેડીકલ અભ્યાસક્રમ ચલાવતી કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારું.

<u>નકલ સાદર રવાના જાણ અર્થે:-</u>

- અગ્રસચિવશ્રી, (ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ), શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર, નવા સચિવાલય ગાંધીનગર
- ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, બ્લોક નં. ૧૨/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર.
- એડવાઇઝરશ્રી, કે.સી.જી., પ્રજ્ઞા પુરમ, એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજ પાસે, નવરંગપુરા, અમદાવાદ.